# મહિલા જુનિયર હોકી એશિયા કપ ભારતે પાકિસ્તાનને 19-0 કચડયું

**આક્રમક** પ્રદર્શન કરી ભારતીય જૂનિયર મહિલા ટીમે ટૂર્નામેન્ટની સૌથી મોટી જીત સાથે સેમીમાં પ્રવેશ કર્યો



મોકી (ચીન), તા. 10 (પીટીઆઈ) : મહિલા જુનિયર એશિયા કપ હોકી ટૂર્નામેન્ટને પોતાના પ્રભાવશાળી પ્રદર્શનને જાળવી રાખીને ભારતે ગુરુવારે અહીં પાકિસ્તાનને 19-0થી કચડી નાંખીને સેમી ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. મેચમાં ભારતે શરૂઆતથી અંત સુધી પ્રભુત્વ જમાવ્યું અને આક્રમક રમત દર્શાવીને ટુર્નામેન્ટની સૌથી મોટી જીતમાંની એક નોંધાવી.

18 પેનલ્ટી કોર્નર અને એક પેનલ્ટી સ્ટ્રોક મેળવવાની સાથે ભારતે 19 ગોલ કર્યા જેની સામે પાકિસ્તાન પેનલ્ટી કોર્નર કે પેનલ્ટી સ્ટ્રોક તો મેળવી ન શક્યું અને સાથે જ એક પણ ગોલ,કરવામાં નિષ્ફળ રહ્યું હતું. શનિવારે સેમી ફાઇનલમાં ભારતનો મુકાબલો કોરિયા અને મલેશિયા વચ્ચેના મેચના વિજેતા સામે થશે.

ભારતે પહેલા ક્વાર્ટરમાં પાંચ, બીજા ક્વાર્ટરમાં પાંચ, ત્રીજા ક્વાર્ટરમાં ત્રણ અને અંતિમ ક્વાર્ટરમાં છ ગોલ કરીને મોટી જીત નોંધાવી અને ગૌરવ સાથે સેમી ફાઇનલમાં પ્રવેશ કર્યો. આ મેચમાં પૂજા મલિકે હેટ્રિક કરી હતી.

મહિલા એશિયા કપ

# બાંગ્લાદેશને હરાવી ભારત ફાઇનલમાં

**મુશ્કેલ** પીચ પર શેફાલીની તોફાની બેટિંગની મદદથી ભારતીય ટીમે પાંચ વિકેટે 149 રન બનાવ્યા

**દીપ્તિની** આગેવાનીમાં ભારતીય બોલરોએ બાંગ્લાદેશને 109 રન સુધી સિમિત રાખતા ભારત 40 રને જીત્યું



દુબઇ, તા. 10 : મહિલા એશિયા કપની આજે ગુરુવારે અહીં રમાયેલી સેમી ફાઇનલમાં અન્ય બેટર્સના નિરાશાજનક પ્રદર્શન વચ્ચે મુશ્કેલ પીચ પર નસીબનો સાથ મેળવીને શેફાલી વર્માએ રમેલી તોફાની ઈનિંગની મદદથી ભારતે પાંચ વિકેટે 149 પન બનાવીને મૂકેલા 150 રનના લક્ષ્યાંક સામે દીપ્તિ શર્માની આગેવાનીમાં ભારતીય બોલરોની ઉમદા બોલિંગથી બાંગ્લાદેશ સાત વિકેટે 109 રન સુધી સિમિત રહેતા ભારત આ મેચ 40 રને જીતીને ફાઇનલમાં પ્રવેશ્યું હતું.

લક્ષ્યાંક આંબવા ઉતરેલા બાંગ્લાદેશે શરૂઆત ધીમી કરી હતી અને તેના પછી સતત વધતા જતા રનરેટના પ્રેશરને કારણે ઉતાવળીયા શોટ રમવા જવાના કારણે તેમના બેટરોએ વિકેટ ગુમાવી હતી.

આ પહેલા 40 બોલમાં 64 રનની આક્રમક ઈનિંગ દરમિયાન શેફાલીને 6, 11 અને 56 રનના વ્યક્તિગત સ્કોર પર ત્રણ વખત જીવનદાન મળ્યું હતું. બાંગ્લાદેશે કુલ ચાર છોડેલા કેચ ભારે પડ્યા, નહીંતર ભારત માટે 120 રનનો આંકડો પાર કરવો પણ મુશ્કેલ બની ગયો હતો.

| ભારતીય મહિલા | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| મંધાના કો.શોરના બો.સુલતાના | 2 | 5 | 0 | 0 |
| શેફાલી કો.ફરજાના બો.સુલતાના | 64 | 40 | 7 | 3 |
| પ્રતિકા કો.દિલારા બો.રુબૈયા | 20 | 24 | 1 | 1 |
| હરમનપ્રીત નોટઆઉટ | 24 | 28 | 0 | 2 |
| ઋચા કો.નિગાર બો.નાહિદા | 21 | 16 | 0 | 2 |
| દીપ્તિ કો.રુબૈયા બો.મારુફા | 13 | 6 | 1 | 1 |
| કુલમણી રનઆઉટ | 0 | 1 | 0 | 0 |
| વધારાના | 5 | | | |
| કુલ (20 ઓવરમાં છ વિકેટે) | 149 | | | |

વિકેટપતન : 1-9, 2-59, 3-92, 4-128, 5-149, 6-149

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મારુફા અખ્તર | 4 | 0 | 40 | 1 |
| સુલતાના ખાતુન | 3 | 0 | 30 | 2 |
| નાહિદા અખ્તર | 4 | 0 | 25 | 1 |
| રુબૈયા ખાન | 4 | 0 | 22 | 1 |
| ફહિમા ખાતુન | 4 | 0 | 21 | 0 |
| શોરના અખ્તર | 1 | 0 | 10 | 0 |

| બાંગ્લાદેશ મહિલા | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| દિલારા કો.ક્રાંતિ બો.દીપ્તિ | 21 | 26 | 4 | 0 |
| જુવેરિયા કો.ઋચા બો.ચારણી | 14 | 18 | 2 | 0 |
| શોભના બો.દીપ્તિ | 18 | 24 | 1 | 0 |
| નિગાર કો.નંદીની બો.પ્રેમા | 19 | 17 | 1 | 1 |
| શોરના નોટઆઉટ | 22 | 18 | 1 | 1 |
| શર્મીન બો.દીપ્તિ | 1 | 2 | 0 | 0 |
| ફહિમા કો.પ્રેમા બો.નંદીની | 14 | 14 | 2 | 0 |
| રુબૈયા હિટ વિકેટ બો.નંદીની | 0 | 1 | 0 | 0 |
| કુલ (20 ઓવરમાં સાત વિકેટે) | 109 | | | |

વિકેટપતન : 1-26, 2-35, 3-66, 4-76, 5-83, 6-109, 7-109

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ક્રાંતિ ગૌડ | 2 | 0 | 13 | 0 |
| નંદીની શર્મા | 2 | 0 | 10 | 2 |
| શ્રી ચારિણી | 4 | 1 | 14 | 1 |
| શેફાલી વર્મા | 4 | 0 | 25 | 0 |
| પ્રેમા રાવત | 4 | 0 | 21 | 1 |
| દીપ્તિ શર્મા | 4 | 0 | 26 | 3 |

# ભારતીય ટીમમાં હર્ષિત રાણાના સ્થાને યશ ઠાકુરનો સમાવેશ

**અફઘાનિસ્તાન** સામેની ટી-20 સિરિઝ અને એશિયન ગેમ્સમાંથી અનફિટ હર્ષિત રાણા આઉટ, બુમરાહ, સુંદર અને નીતિશ રેડ્ડી ફીટ જાહેર



નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ) : અફઘાનિસ્તાન સિરીઝ અને એશિયન ગેમ્સ માટે ઇજાગ્રસ્ત હર્ષિત રાણાના સ્થાને ઝડપી બોલર યશ ઠાકુરને ભારતીય ટી-20 ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે, જ્યારે ઝડપી બોલર જસપ્રીત બુમરાહ, નીતિશ રેડ્ડી અને વોશિંગ્ટન સુંદરને ફિટ જાહેર કરવામાં આવ્યા છે. રાણા રિહેબ દરમિયાન સારી રીતે સ્વસ્થ થઈ રહ્યો હતો. જોકે, 7 સપ્ટેમ્બરના રોજ મેચ જેવી પરિસ્થિતિઓમાં પ્રેક્ટિસ કરતી વખતે તેને જાંઘમાં ઈજા થઈ હતી અને હવે તે રમી શકશે નહીં.

**સુધારેલી ભારતીય ટીમ**

શ્રેયસ અય્યર (કેપ્ટન), અભિષેક શર્મા, વૈભવ સૂર્યવંશી, સંજુ સેમસન, ઈશાન કિશન, તિલક વર્મા, શિવમ દુબે, નીતિશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, વરુણ ચક્રવર્તી, રવિ બિશ્નોઈ, જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ, યશ ઠાકુર.

# ઈસ્ટ ઝોને 13 વર્ષ પછી દુલીપ ટ્રોફી જીતી

**પ્રથમ** ઇનિંગ્સની સરસાઇના આધારે ઇસ્ટ ઝોન વિજેતા જાહેર



ચેન્નાઈ, તા. 10 (પીટીઆઈ) : ઈસ્ટ ઝોને ગુરુવારે સાઉથ ઝોન સામે ડ્રો થયેલી મેચમાં પ્રથમ ઈનિંગની સરસાઈના આધારે ફાઇનલમાં પોતાના સંપૂર્ણ વર્ચસ્વને ટાઇટલ જીતમાં રૂપાંતરિત કરીને 13 વર્ષ પછી દુલીપ ટ્રોફી જીતી હતી. ઈસ્ટ ઝોને બીજા દાવમાં સાત વિકેટે 388 રન બનાવ્યા, જેનાથી તેમની કુલ સરસાઇ 760 રન થઈ અને તે પછી મેચ ડ્રો જાહેર કરવામાં આવી.

આ મેચમાં સદી ફટકારનારાઓની યાદીમાં મોહમ્મદ કોનેન કુરેશીનો ઉમેરો થયો. તેણે નોટઆઉટ 116 રન બનાવ્યા, જે તેની એકમાત્ર બે મેચની ફર્સ્ટ ક્લાસ કારકિર્દીની પહેલી સદી હતી. કુરેશીએ અનુકુલ રોય (64) સાથે સાતમી વિકેટ માટે 150 રનની ભાગીદારી કરી. જોકે, બંને ટીમોના ખેલાડીઓએ બપોરે 2:10 વાગ્યે હાથ મિલાવતા મેચ ડ્રો જાહેર થઈ તે પહેલાં, ઈસ્ટ ઝોને પ્રથમ ઈનિંગ્સના કુલ 708 રન સાથે ટાઈટલ પર કબજો જમાવી લીધો હતો. આ મોટા સ્કોરે ટીમને 372 રનની લીડ આપી.

# યુએસ ઓપન : ગફ, રિબાકીના ઝવેરેવ, ખચાનોવ સેમી ફાઇનલમાં

**મીરા** એન્ડ્રીવા સામે પહેલો સેટ હાર્યા પછી વાપસી કરીને કોકો ગફ જીતી, રિબાકીનાએ ઝેંગ કિનવેનને હરાવી

**ઝવેરેવ** ઝાન્ડશુલ્પને હરાવી અંતિમ ચારમાં પહોંચ્યો, એલેક્ઝાન્ડર બ્લોક્સ ચાલુ મેચે ખસતા ખચાનોવ સેમીમાં



ન્યૂયોર્ક, તદા. 10 : યુએસ ઓપનમાં મહિલા સિંગલ્સમાં આજે કોકો ગફ અને નવી નંબર વન એલેના રિબાકીનાએ પોતપોતાની મેચ જીતીને સેમી ફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો. આ બંને સેમી ફાઈનલમાં બાથ ભીડવાની છે જ્યારે બીજી સેમી ફાઈનલ આર્યના સબાલેન્કા અને જેસિકા પેગુલા વચ્ચે રમાશે. પુરુષ સિંગલ્સમાં ટોચના ક્રમાંકિત એલેક્ઝાન્ડર ઝવેરેવે સરળતાથી બોટિક વાન ડે ઝાન્ડશુલ્પને હરાવીને સેમીમાં પ્રવેશ કર્યો હતો, તેનો સામનો કારેન ખાચાનોવ સાથે થશે. એલેક્ઝાન્ડર બ્લોક્સ ચાલુ મેચે ખસી જતા ખાચાનોવે ત્રીજી ગ્રાન્ડ સ્લેમ સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે. ફ્લશિંગ મેડોઝમાં જ પોતાનું પ્રથમ ટાઇટલ જીતનારી ગફે બુધવારે મીરા એન્ડ્રીવા સામે બે મેચ પોઇન્ટ બચાવીને 2-6, 7-6, 6-2થી જીત મેળવીને અંતિમ ચારમાં નામ લખાવ્યું હતું. આ અગાઉ બુધવારે એલેના રિબાકિનાએ ઝેંગ કિનવેનને 3-6, 6-1, 6-4થી હરાવી હતી, જેનાથી ટૂર્નામેન્ટ પૂરી થયા બાદ તેનું ડબ્લ્યુટીએ રેન્કિંગમાં નંબર 1 બનવું નક્કી થઈ ગયું છે. બુધવારે રાત્રે રમાયેલી મેચમાં ઝવેરેવે ઝાન્ડશુલ્પને 6-2, 7-5, 6-1થી હરાવીને આ સીઝનની તમામ ગ્રાન્ડ સ્લેમ ટૂર્નામેન્ટની અંતિમ ચારમાં સ્થાન મેળવી લીધું છે. એલેક્ઝાન્ડર બ્લોક્સ ત્રીજા સેટ દરમિયાન ઈજાના કારણે મેચમાંથી હટી જતાં ખાચાનોવ વિજેતા જાહેર થયો હતો. ખાચાનોવ શુક્રવારે સેમી ફાઈનલમાં ઝવેરેવ સામે રમશે, પુરુષ વિભાગની બીજી સેમી ફાઈનલમાં બેન શેલ્ટન અને ફ્રાન્સિસ ટિયાફો વચ્ચે ઓલ-અમેરિકન મુકાબલો થશે.

# ત્રીજી ટેસ્ટમાં પાકિસ્તાન પર ઇંગ્લેન્ડે 320 રનની સરસાઇથી સકંજો જમાવ્યો

**પાકિસ્તાનના** પ્રથમ દાવના 133 રનના સ્કોર સામે ઇંગ્લેન્ડે પ્રથમ દાવમાં 453 રન બનાવ્યા

**ઈંગ્લેન્ડ** વતી નીચલા ક્રમના બેટ્સમેનોનું પણ ઉપયોગી યોગદાન, રઝાઉલ્લાએ ડેબ્યુ ટેસ્ટમાં ચાર વિકેટ લીધી



બર્મિંઘમ, તા. 10 : એજબેસ્ટન ટેસ્ટના આજે ગુરુવારે બીજા દિવસે ઈંગ્લેન્ડે પ્રથમ દાવમાં 453 રન બનાવીને પાકિસ્તાન પર 320 રનની મજબૂત સરસાઇ મેળવીને પોતાનો સકંજો જમાવી દીધો છે. પાકિસ્તાન પ્રથમ દાવમાં માત્ર 133 રને ઓલઆઉટ થયું હતું.

આજે 52 રનથી આગળ રમવા આવેલા બ્રુક અને પાંચ રનથી આગળ રમવા આવેલા લોરેન્સે પહેલા કલાકમાં પ્રતિ ઓવર સાતથી વધુ રનની ઝડપે રન બનાવ્યા હતા. બ્રુક 75 રનના અંગત સ્કોર પર રનઆઉટ થઈ ગયો. લોરેન્સે સળંગ ત્રણ ટેસ્ટમાં અડધી સદી ફટકારવા માટે માત્ર 47 બોલ લીધા હતા. તે 65 રને આઉટ થયો હતો. બુધવારે વિકેટકિપિંગ કરતી વખતે ઘાયલ થયેલા વિકેટ કીપર દેમી સ્મિથે 69 રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું. જ્યારે ઝડપી બોલર રોબિન્સને પણ અર્ધસદી ફટકારી હતી. જોફ્રા આર્ચરે પણ 32 રનની ઈનિંગ રમી હતી. આર્ચર અને જોશ ટંગે અંતિમ વિકેટની ભાગીદારીમાં 44 રન ઉમેરીને સ્કોર 450ને પાર પહોંચાડ્યો હતો. પાકિસ્તાન વતી ટેસ્ટ ડેબ્યુ કરનારા રઝાઉલ્લાએ ચાર જ્યારે મહંમદ અલી અને મહંમદ ઈમરાને 2-2 વિકેટ લીધી હતી.

પાકિસ્તાન પ્રથમ દાવ 133

| ઈંગ્લેન્ડ પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| ડકેટ કો.બાબર બો.અલી | 11 | 15 | 2 | 0 |
| એમિલિયો બો.રઝાઉલ્લા | 60 | 114 | 9 | 0 |
| કોક્સ LB બો.અબ્બાસ | 4 | 6 | 0 | 0 |
| રૂટ LB બો.રઝાઉલ્લા | 8 | 18 | 0 | 0 |
| બ્રુક રનઆઉટ | 75 | 97 | 6 | 0 |
| લોરેન્સ બો.ઇમરાન | 65 | 82 | 9 | 0 |
| સ્મિથ કોએન્ડબો.રઝાઉલ્લા | 69 | 84 | 9 | 1 |
| એટકિન્સન બો.ઇમરાન | 19 | 36 | 4 | 0 |
| રોબિન્સન કો.મસૂદ બો.રઝાઉલ્લા | 50 | 47 | 7 | 1 |
| આર્ચર નોટઆઉટ | 32 | 27 | 1 | 2 |
| ટંગ કો.ગાઝી બો.અલી | 15 | 20 | 3 | 0 |
| વધારાના | 45 | | | |
| કુલ (89 ઓવરમાં ઓલઆઉટ) | 453 | | | |

વિકેટપતન : 1-12, 2-24, 3-39, 4-143, 5-229, 6-293, 7-331, 8-372, 9-409, 10-453

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મહંમદ અબ્બાસ | 23 | 1 | 95 | 1 |
| મહંમદ અલી | 19 | 2 | 92 | 2 |
| રઝાઉલ્લા | 23 | 0 | 148 | 4 |
| મહંમદ ઇમરાન | 16 | 1 | 47 | 2 |
| સેમ અયુબ | 8 | 0 | 41 | 0 |

# રોહિતે પહેરેલી 'નોન-કમિટલ?' ટી-શર્ટને ચાહકોએ અગરકર સાથે જોડી

**અજીત** અગરકરે ઓસ્ટ્રેલિયા પ્રવાસ પહેલા કહ્યું હતું કે રોહિત-કોહલી વર્લ્ડકપ માટે અનિશ્ચિત (નોન કમિટલ) છે




મુંબઈ, તા. 10 : ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટ્સમેન અને ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્મા હવે ક્રિકેટના મેદાનથી દૂર, મનોરંજન જગતમાં એક નવી સફર શરૂ કરી રહ્યા છે. "હિટમેન" તરીકે જાણીતા, રોહિત શર્મા ટીવી ગેમ શો "ફેમિલી ફુલ હાઉસ" માં હોસ્ટ તરીકે ડેબ્યૂ કરવા માટે તૈયાર છે. શોના સેટ પરથી શેર થયેલા તેના માત્ર એક શબ્દ લખેલા ટી-શર્ટ સાથેના ફોટાએ સોશિયલ મીડિયા પર એક નવી ચર્ચા જગાવી છે. રોહિતના ટી-શર્ટ પર 'નોન-કમિટલ?' લખ્યું હતું અને તેનાથી ઓનલાઈન ચર્ચા શરૂ થઈ ગઈ. ચાહકો અનુમાન લગાવી રહ્યા છે કે આ મુખ્ય પસંદગીકાર અજિત અગરકરની મજાક ઉડાવવાનો એક રસ્તો હોઈ શકે છે. અગરકરે ગયા વર્ષે ઓસ્ટ્રેલિયા પ્રવાસ પહેલા કહ્યું હતું કે રોહિત અને કોહલી બંને વર્લ્ડ કપ અંગે નોન કમિટલ અર્થાત અનિશ્ચિત છે.આ ટી શર્ટ પર લખેલો શબ્દ માત્ર સંયોગ છે કે પછી અગરકર અને ગૌતમ ગંભીર માટેનો સીધો મેસેજ છે એ ચર્ચાનો વિષય છે.

**વર્લ્ડકપમાં રમવા અંગે રોહિત બોલ્યો : ઓક્ટોબર 2027 હજુ ઘણે દૂર**

મુંબઈ, તા. 10 (પીટીઆઇ) : ભારતના સ્ટાર ક્રિકેટર રોહિત શર્માને આજે ગુરુવારે અહીં આવતા વર્ષે યોજાનાર વન ડે વર્લ્ડકપમાં રમવાની શક્યતા વિશે જ્યારે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું કે ઓક્ટોબર 2027 હજુ ઘણે દૂર છે. માજી કેપ્ટને અહીં એક કાર્યક્રમ દરમિયાન એક વાક્યમાં આ જવાબ આપ્યો હતો.

## ઝહીર ખાન કેનેડા સુપર 60 ટીમ વાનકુવર એન્કર્સના સહ-માલિક બન્યો

વાનકુવર, તા. 10 (પીટીઆઈ) ભારતના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ઝહીર ખાન કેનેડા સુપર 60 ની પુરુષો અને મહિલા ફ્રેન્ચાઈઝ વાનકુવર એન્કર્સના માલિકી જૂથમાં જોડાયા છે. ભારતનો માજી ઓલરાઉન્ડર યુવરાજ સિંહ કેનેડા સુપર 60નો સહ-માલિક છે. ઝહીર નાગેન્દ્ર 'નાગા' સિદ્ધૌતમ અને સ્ટોકહોમ સ્થિત એન્કર સ્પોર્ટ્સ એબી સાથે માલિકી જૂથમાં જોડાય છે. ઝહીરે એક રિલીઝમાં જણાવ્યું હતું કે એન્કર્સ તેમના ઘરેલું મેચ વાનકુવરના બીસી પ્લેસ ખાતે રમશે. કેનેડા સુપર 60 એક અલગ ઓળખ ધરાવતા શહેરમાં યોજાતી ફર્સ્ટ-ક્લાસ ટુર્નામેન્ટ છે.

# ચેમ્પિયન્સ લીગ : PSG, બાર્સિલોના, આર્સેનલ અને લિવરપૂલની વિજયી શરૂઆત

**PSG** માટે ચેમ્પિયન્સ લીગમાં ડેબ્યુટન્ટ ફેરાન ટોરેસે હેટ્રિક નોંધાવી, ડેમ્બલેએ બે ગોલ કર્યા

પેરિસ, તા. 10 : પેરિસ સેન્ટ-જર્મેન (PSG) માટે છ ગોલ, બાર્સિલોના માટે પાંચ અને આર્સેનલ માટે તેની પરંપરાગત શૈલીમાં એક ગોલ સાથે ચેમ્પિયન્સ લીગની આ પ્રબળ દાવેદાર ટીમોએ વિજયી શરૂઆત કરી છે.

બે વારના ખિતાબ વિજેતા પીએસજી માટે ચેમ્પિયન્સ લીગમાં ડેબ્યૂ કરી રહેલા વર્લ્ડકપ વિજેતા ગોલસ્કોરર ફેરાન ટોરેસે હેટ્રિક નોંધાવી હતી, જ્યારે તેના નવા સાથી ઓસ્માને ડેમ્બેલેએ બે ગોલ કર્યા હતા. આ ઉત્કૃષ્ટ પ્રદર્શનના આધારે પીએસજીએ સ્લોવાન બ્રાતિસ્લાવા સામે 6-1થી ભવ્ય વિજય મેળવ્યો હતો. બાર્સિલોના તરફથી રાફિન્હાએ પોતાના શ્રેષ્ઠ ફોર્મને જાળવી રાખતા વધુ બે ગોલ કર્યા હતા અને લામિન યમાલે ફેયેનોર્ડની ડિફેન્સિવ વોલમાંથી ફ્રી કિક દ્વારા ગોલ કરીને ટીમની 5-1થી આસાનીથી જીત સુનિશ્ચિત કરી હતી. આર્સેનલનું પરિણામ તેની લાક્ષણિક શૈલી મુજબનું જ રહ્યું, જ્યાં નાપોલી સામે 1-0થી વિજય થયો હતો. લિવરપૂલે એટ્લેટિકો મેડ્રિડ સામેની મેચમાં વાપસી કરીને 2-1થી વિજય મેળવ્યો હતો. લિવરપૂલ તરફથી મિડફિલ્ડર્સ ડોમિનિક સોબોસ્લાઈ અને એલેક્સિસ મેક એલિસ્ટરે ગોલ કર્યા હતા. આ સાથે ચારેય ઈંગ્લિશ ક્લબે પોતાની પ્રથમ મેચો જીતી લીધી છે.

# MCC દ્વારા મલ્ટી-ડે ક્રિકેટના નિયમોનો ગુજરાતીમાં અનુવાદ કરવા કેકી દૂધવાલાને ઓફર

**ક્રિકેટના** નિયમો ઘડનારી લંડનની અધિકૃત સંસ્થાની BCCIના માજી અમ્પાયરને થયેલી ઓફર સુરત અને ગુજરાતની સાથે દેશ માટે ગૌરવની વાત



સુરત તા 10 : ક્રિકેટના નિયમોની સર્વોપરી કસ્ટોડીયન ગણાતી લંડનની મેરીલબોન ક્રિકેટ કલબ (MCC) દ્વારા તાજેતરમાં જ સુરતના માજી BCCI ક્રિકેટ અમ્પાયર અને ખેલકૂદ સમીક્ષક કેકી દૂધવાલાને MCCના મલ્ટી-ડે ક્રિકેટના નિયમો-2026નો અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ કરી આપવાની ઓફર કરવામાં આવી છે, જે માત્ર સુરત કે ગુજરાત બ જ નહીં પણ સમગ્ર ભારત માટે ગૌરવની વાત ગણી શકાય તેમ છે.

બે દાયકા સુધી બીસીસીઆઇના રણજી પેનલ અમ્પાયરરૂપે સિનીયર તથા જુનિયર સ્પર્ધાઓમાં પ્રસંશનીય કામગીરી બજાવનારા સુરતના કેકીએ તાજેતરમાં જ ફટાફટ ક્રિકેટ મથાળા હેઠળનું અંગ્રેજી ભાષામાંથી ગુજરાતીમાં અનુવાદિત પુસ્તક પ્રકાશિત કર્યું હતું. જેનાથી પ્રભાવિત થયેલા એમસીસી માટે લોર્ડસ ખાતે કાર્યરત એવા ક્રિકેટના નિયમોના વિશેષ સલાહકાર જોની સીંગર દ્વારા એમસીસી માટે મલ્ટી-ડે ક્રિકેટના નિયમો-2026નું પૂર્ણરૂપે ગુજરાતી ભાષામાં અનુવાદ કરી આપવાની કેકીને ઓફર કરાઇ હતી. ગુજરાત ક્રિકેટ એસોસીએશનના સેક્રેટરી અનિલ પટેલ તથા સુરત જિલ્લા ક્રિકેટ એસોસીએશનના ક્રિકેટ સેક્રેટરી ડો. નૈમેષ દેસાઈએ કેકી દૂધવાલાને અભિનંદન આપવાની સાથો સાથ શુભેચ્છા પાઠવી છે. આ પૂર્વે પણ કેકીએ બીસીસીઆઇના સંબંધિત અધિકૃત અધિકારીઓની મંજુરી લઈને ક્રિકેટના નિયમો અંગેના બે પુસ્તકો, અંગ્રેજીમાંથી અનુવાદ કરી ગુજરાતી ભાષામાં પ્રકાશિત કર્યા હતા, જેને ACC વેબાસાઈટ પણ તે સમયે સ્થાન મળ્યું હતું.

# યુકેમાં પાકિસ્તાની જનિયર ક્રિકેટરોને આશ્રય શોધનારા સમજી લેવાયા


**પોર્ટસમાઉથમાં** પાકિસ્તાની જૂનિયર ખેલાડીઓની હોટલ બહાર વિરોધ પ્રદર્શન કરનારા ભેગો થયા

પોર્ટ્સમાઉથ, તા. 10 : યુકે પ્રવાસે ગયેલી પાકિસ્તાન અંડર-૧૯ ક્રિકેટ ટીમ સ્થળાંતર વિરોધી વિરોધ પ્રદર્શનનું કેન્દ્ર બનતા રહી ગઇ હતી. જ્યારે પ્રદર્શનકારીઓએ ભૂલથી યુવા ક્રિકેટરોને આશ્રય શોધનારા માની લઈને જ્યાં તેઓ રોકાયા હતા તે મેરિયટ હોટેલ બહાર આ વિચિત્ર ગૂંચવણ જોવા મળી હતી. ઓનલાઈન એવી અફવા ફેલાઈ હતી કે વિદેશી નાગરિકોનું એક જૂથ આવ્યું છે, જેના કારણે હોટલની બહાર લગભગ 30 થી 40 લોકો ભેગા થઈ ગયા હતા. સાંજે 6.30 વાગ્યા પહેલા પોલીસને ઘટનાસ્થળે બોલાવવામાં આવી હતી, અને અધિકારીઓએ પછીથી સ્થાપિત કર્યું કે આ જૂથ ખરેખર પાકિસ્તાનની અંડર-19 ક્રિકેટ ટીમનું હતું. રિફોર્મ કાઉન્સિલર જ્યોર્જ મેડગવિકે હોટેલનો સંપર્ક કરીને પાકિસ્તાન ટીમના કોચ સાથે વાત કર્યા પછી મૂંઝવણ દૂર કરવામાં મદદ કરી. ત્યારબાદ તેમણે વિરોધીઓનો સંપર્ક કરીને સમજાવ્યું કે તેઓ ખોટું સમજી રહ્યા છે, આ એક ક્રિકેટ ક્લબ છે, જેને પગલે તેઓ બે મિનિટમાં જ ત્યાંથી ચાલ્યા ગયા હતા. આ ઘટનાની પોર્ટ્સમાઉથ નોર્થના સાંસદ અમાન્ડા માર્ટિન દ્વારા ટીકા કરવામાં આવી હતી.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | | | | | | | |
| ૭ | ૫ | | | ૩ | ૪ | | | |
| ૯ | ૮ | ૩ | ૬ | ૧ | | ૭ | | |
| ૧ | | | | ૫ | | | | |
| | ૯ | | ૮ | ૨ | ૧ | ૫ | ૭ | |
| ૩ | | | ૪ | | ૬ | | | ૧ |
| ૫ | | | | | | ૨ | ૮ | ૭ |
| ૮ | ૬ | ૭ | | ૪ | ૨ | | ૩ | |
| | ૩ | | ૧ | | | | ૫ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**જીર્ણ શિર શૂળ**

આખા ઉડદ છોડા સહિત દળી લોટ કરો. રોજ સવારે તેમાંથી 20 ગ્રામ લોટનો શુદ્ધ ઘી અને ગોળ નાંખી શીરો બનાવી, ગરમ ખાવ. થોડા દિવસ પ્રયોગ કરવાથી જીર્ણ શૂળ પણ મટી જાય છે.

## આજનું પંચાંગ

**તા. 11/09/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1948
**વીર સંવત** : 2552 **માસ** : શ્રાવણ
**તિથિ:** વદ: અમાવસ 08:57 પછી સુદ એકમ ભાદરવો
**અયન** : દક્ષિણાયન **ઋતુ** : શરદ
**રાષ્ટ્રિય દિનાંક** : ભાદરવા:20
**યોગ** : સાદય **કરણ:** કિંસ્તુઘ્ન
**નક્ષત્ર** : પૂ.ફા. : 13:17
**રાશિ:** સિંહ (મ.ટ.) 19:09 પછી કન્યા (પ.ઠ.ણ.)
**દિવસ** : અશુભ-જીવંતીકા પૂજન, શિવપૂજન સમાપ્ત
**સુરતમાં સૂર્યોદય** : 06:26 **સુરતમાં સૂર્યાસ્ત** : 18:45
**નવકારસી** : 07:14
**પારસી વર્ષ** : 1396 ફરવરદીન માસનો 28મો રોજ
**મુસલમાન વર્ષ**: 1448, રબિઉલ અવલ માસનો 28મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
**રાત્રિનાં ચોઘડિયાં:** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ** : સવારે : 10.30થી 12:00 સુધી

## આપની આજ

**જયોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** ભૂળકાળમાં કરેલા રોકાણ કે કામનું પરિણામ મળે. વિદ્યાર્થીઓનું પ્રદર્શન ઉત્તમ રહે. પ્રેમ-વિવાહમાં ધીરન રાખવી.

**વૃષભ (બ,વ,ઉ,):** સમયની ગતિ ધીમી લાગે માટે ધીરજપૂર્વક કાર્યને વળગી રહેવું. કોઇના કામમા દખલ કરવી નહી. પરિવારમા આનંદ રહે.

**મિથુન (ક,છ,ઘ,):** સાહિત્ય, સંગીત, કલા, નૃત્ય શિક્ષણ સાથે સંકળાયેલાને અચાનક તક મળે. કુટુંબ પરિવારના કામ અર્થે જીવનસાથીનો સાત.

**કર્ક (ડ,હ,):** આર્થિક લાભ થાય. કોઇ મહત્વના કરાર થાય. પણ કોઇની વાતોમાં આર્થિક વ્યવહાર કરવા નહી. વાણી પર કાબુ રાખવો.

**સિંહ (મ,ટ,):** કૌટુંબિક સંબંધો મજબુત બને. વધુ પડતા આત્મવિશ્વાસમાં રહેવું નહી. સરકારી નોકરીયાતને તક મળે. પ્રવાસ થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** માનસિક પીડા રહે. આંખ, ગળા વગેરેની સમસ્યા સતાવે. કુટુંબ પરિવાર સાથે વિવાદથી કામમાં વિઘ્નો આવે.

**તુલા (ર,ત,):** કોઇ મહત્વના બૌદ્ધિક પ્રોજેક્ટની જવાબદારી મળી શકે છે. શેર બજારમા તક મળે. સંતાનોના કામમા મદદ મળે.

**વૃશ્ચિક (ન,ય,):** ઉપરી વર્ગનો વિશ્વાસ પ્રાપ્ત થાય. મહત્વના કામની જવાબદારી મળે. આર્થિક મદદ મળી શકે છે. ધંધામાં આવક વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** તમારા પ્રિયજનો તરફથી ભેટ મળી શકે છે. રાજકારણ સાથે સંકળાયેલા લોકોએ કાળજીપૂર્વક પ્રદર્શન કરવુ. તક મળી શકે છે.

**મકર (ખ,જ,):** પડવા વાગવાથી સાવધાન. આખ, હાથ, પગ અને કમરના દર્દ પરેશાની વધારી શકે છે. માનસિક અશાંતિ રહે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ઘરમાં મહેમાનોની અવર-જવર વધે. દાંપત્ય જીવનમાં તાલ મેળ રહે. હાથ પરના કામ પાર પડે. આવક વધશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** નોકરીની શોધ પૂર્ણ થાય. આરોગ્યનું ધ્યાન રાખો. ઓનલાઇન વેપારમાં આર્થિક બાબતે સાવધાન રહેવું.

## કોઈ પણ સાલમાં 11 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરીમાં પ્રમોશન કે પગાર-વધારાનો લાભ મળે. ધંધા-વેપારમાં નવી યોજના પાર પડે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. આર્થિક બાબતે સામાન્ય રહે. સમાજમાં માન વધે. ઘર-પરિવારની અપેક્ષાઓ દોડધામ અને કાર્યબોજ વધારશે. સંતાનોનો અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. આધુનિક ટેકનોલોજીનો લાભ મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના પૂર્ણ થાય. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. હરીફોથી સાવધાન રહેવુ. વારસા, જાયદાદ, જમીન જેવા કામમા પ્રગતિ થાય. મિત્રો વડીલોની મદદ સામાજીક બાબતે મળે. યાત્રા-પ્રવાસ-ધર્મ-કર્મથી શાંતિ મળે. જુન-જુલાઇ, સોમ-ગુરુવાર 02,11,20,29 તારીખે નવા કામ કરવા. સફેદ, ક્રીમ રંગનો ઉપયોગ વધારવો. જાન્યુઆરી-ફેબ્રુઆરી મંગળ-બુધવાર 05 અને 08 તારીખે નવા કામ ટાળવા. લીલા, નીલા, કાળા રંગનો ઉપયોગ ટાળવા. ચંદ્રના ઉપાય કરતા રહેવું.


## જાહેર હરાજી

આથી રસ ધરાવતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે મેહ મુખ્ય પ્રાથમિક શાળા તા. જી. વલસાડ મેહ ગામમાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ વલસાડ સંચાલિત ચાલે છે તે શાળાના 2 (બે) નળિયાવાળા જર્જરિત ઓરડા તોડવા તેમજ કાટમાળની હરાજી તા.- 17-09-2026 ના રોજ 02:30 રાખવામા આવેલ છે. હરાજી શરૂ થતાં પહેલા રૂ. 2530 (અંકે રૂ. બે હજાર પાંચસો ત્રીસ પૂરા) ડિપોઝીટ પેટે (રીફંડેબલ) ભરવાના રહેશે. તે સિવાય હરાજીમાં ભાગ લઈ શકાશે નહી. હરાજીની તમામ શરતો હરાજી પહેલા વાંચી સંભળાવવામાં આવશે. જે તમામને બંધનકર્તા રહેશે. હરાજીમાં મહતમ બોલી બોલનારને કાટમાળ ખરીદવા હકદાર ગણાશે તથા તેઓએ કરેલ બોલીના 25% રકમ તાત્કાલિક સ્થળ પર ચેક દ્વારા અથવા રોકડેથી ભરવાની રહેશે અને બાકીની રકમ શરતો પ્રમાણે ભરવાની રહેશે. અન્યથા ડિપોઝીટ ની રકમ જપ્ત કરવા પાત્ર થશે. જાહેર હરાજી મંજૂર/નામંજૂર કે રદ કરવાની તમામ સત્તાઓ S.M.C. મેહ માછીવાડ પ્રાથમિક શાળાની રહેશે.

મુખ્ય શિક્ષક
મેહ માછીવાડ પ્રા.શા.
તા.જિ. વલસાડ.

નં. માહિતી/વલસાડ/૩૮૭/૨૦૨૬

## -:જાહેરાત:-

પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓ, સાઉથ ઝોન, સુરત "સુડા ભવન" ચોથો માળ, આગમ આર્કેડની સામે, વેસુ- આભવા રોડ, વેસુ, સુરત કચેરીની તાબા હેઠળ આવતી તમામ નગરપાલિકામાં સ્વચ્છ ભારત મિશન- અર્બન અંતર્ગત સ્વચ્છતા માર્શલ ની (૧૭ જગ્યા ) ૨ માસ માટે કરારથી ભરવાની થાય છે. જે જગ્યાની વિગત નીચે મુજબ છે.

| S.N. | POST | QUALIFICATION/EXP. | SALARY | VACANT |
|---|---|---|---|---|
| ૧ | સ્વચ્છતા માર્શલ | ધોરણ -૧૨ પાસ અથવા સમકક્ષ લાયકાત અને સરકાર માન્ય યુનીવર્સીટીમાંથી ૦૧ વર્ષનો સેનેટરી ઇન્સ્પેકટરનો કોર્ષ કરેલ હોવો જોઈએ | રૂ.૧૬,૦૦૦/- fix | ૧૭ |

નોંધઃ સ્વચ્છતા માર્શલની જગ્યાઓ અત્રેના તાબા હેઠળના ૬ જિલ્લાઓની (તાપી, સુરત, નર્મદા, ભરૂચ, નવસારી, વલસાડ) ની કુલ-૧૭ નગરપાલિકાઓ ખાતે નિમણુંક કરવામાં આવશે.

ઉપરોક્ત જગ્યા પર પસંદગી મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ તા.૧૯/૦૯/૨૬ ના રોજ ૧૨:૦૦ કલાકે પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓ, સાઉથ ઝોન, સુરત "સુડા ભવન" ચોથો માળ, આગમ આર્કેડની સામે, વેસુ- આભવા રોડ, વેસુ, સુરત ખાતે વોક-ઈન-ઈન્ટરવ્યું માટે સંપૂર્ણ વિગતો તથા જરૂરી આધાર પુરાવા સાથે સ્વ ખર્ચે હાજર રહી શકે છે. તેમજ નિમણૂક અંગે આખરી નિર્ણય પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ સુરત ઝોન / પસંદગી સમિતિનો રહેશે.

ઉમેદવારે વોક-ઇન-ઇન્ટરવ્યુંમાં સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાક સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ઉમેદવારને જે તે જગ્યા પર કાયમી થવાનો કોઈ હક્ક દાવો કરવાનો થતો નથી.

સ્થળ: RCM, SURAT
તા. ૦૯/૦૯/૨૦૨૬
ક્રમાંક . માહિતી-સૂરત/૫૮૬/૨૦૨૬

પ્રાદેશિક કમિશ્નર
નગરપાલિકાઓની કચેરી
સાઉથ ઝોન, સુરત